GJLV020029822025

રજૂ તારીખ : ૧૯/૧૧/૨૦૨૫
દાખલ તારીખ : ૧૯/૧૧/૨૦૨૫
ફેસલ તારીખ : ૦૧/૦૭/૨૦૨૬
સમય ગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૬ ૨૮

મહીસાગરના મે.એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લુણાવાડા.

ફોજદારી કેસ નંબર :– ૨૧૨૫/૨૦૨૫
આંક :– ૨૨

ફરિયાદી :– શ્રી જૈનુદ્દીન ઈસ્માઈલજી ઘીવાલાના માલીક અને
વહીવટદાર અબ્બાસીભાઈ જૈનુદ્દીન ઘીવાલા,
ઉ.વ.આ. ૫૮, ધંધો. વેપાર,
રહે. મુ.જુની મામલતદાર ઓફીસ સામે,
તા.લુણાવાડા, જી.મહીસાગર.

વિરુધ્ધ

આરોપી :– બારીઆ કલ્પેશભાઈ ખેમાભાઈ,
ઉ.વ.આ. ૪૦, ધંધો. ખેતી,
રહે. મુ.દોલતપુરા(પગી બારીયા ફળીયુ), મલેકપુર,
તા.લુણાવાડા, જી.મહીસાગર,

ગુનો :– ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ– ૧૩૮ મુજબ

ફરિયાદપક્ષે વિ.વ.શ્રી :– એચ.એ.મોજણીદાર
બચાવપક્ષે વિ.વ.શ્રી :– કે.જી.રાઠોડ

–: જજમેન્ટ :–

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી લુણાવાડા મુકામે જુની મામલતદાર ઓફીસ સામે જૈનુદ્દીન ઈસ્લ્માઈલજી ઘીવાલાના નામે હાર્ડવેરનો ધં

ધો કરે છે અને બાંધકામને લગતા તમામ જરૂરી માલ−સામાનનો વેપાર કરે છે.

(૧.૧) આ કામના આરોપી લુણાવાડા તાલુકાના મલેકપુર મુકામે ફેબ્ર ીકેશનનો ધંધો કરે છે અને આ કામના આરોપી તેમની જરૂરીયાત મુજબ તેમના ધંધાને લગતો સામાન આ કામના ફરીયાદીની દુકાનેથી ખરીદ કરતાં હતા તે મુજબ આ કામના આરોપી તેઓની દુકાનેથી તારીખ : ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ લોખંડની એંગલ તથા લોખંડની પટટીઓ અને કોઈલ પ્લેટ વિગેરે હાર્ડવેરનો માલ સામાન તેઓના અસીલની દુકાનેથી રૂા. ૬૯,૬૨૩/−(અંકે રૂપીયા ઓગણસીત્તેર હજાર છસો ત્રેવીસ પુરા)નો માલ સામાન ખરીદ કરી ગયેલા અને તે નાણાં આ કામના ફરીયાદીની દુકાને બાકી રાખેલા અને આ કામના આરોપીને તેમણે ખરીદ કરેલા રૂા. ૬૯,૬૨૩/−(અંકે રૂપીયા ઓગણસીત્તેર હજાર છસો ત્રેવીસ પુરા)નું બાકીનું બીલ તરત આપેલું.

(૧.૨) આ કામના આરોપીએ આ કામના ફરીયાદીની દુકાનેથી રૂા. ૬૯,૬૨૩/−(અંકે રૂપીયા ઓગણસીત્તેર હજાર છસો ત્રેવીસ પુરા)નું ઉપર લખ્યા મુજબનો હાર્ડવેરનો માલ−સામાન ખરીદ કરી ગયેલા અને તે નાણાં બાકી રાખેલા. તેની ઉઘરી કરતાં આ કામના આરોપીએ આ કામના ફરીયાદીની દુકાને બેસી તારીખ : ૨૫/૦૯/૨૦૨૫ ની મીતીનો રૂા. ૬૯,૬૨૩/−(અંકે રૂપીયા ઓગણસીત્તેર હજાર છસો ત્રેવીસ પુરા)નો બેન્ક ઓફ બરોડા, શેણાદરીયા ગોરાડા શાખાનો તેમના ખાતા નં .૨૫૨૭૦૨૦૦૦૦૦૦૬૫ નો ચેક નં.૦૦૦૦૦૨ નો ચેક આ કામના ફરીયાદી રૂબરૂ સહી કરી આપેલો અને તે ચેક બેન્કમાં રજુ કરતાં

નાણાં મળી જશે તેવો આ કામના ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. જેથી આ કામના આરોપીએ આપેલ ચેક આ કામના ફરીયાદીએ સ્વીકારેલો.

(૧.૩) આ કામના આરોપીએ આપેલ ચેક આ કામના ફરીયાદીએ તારીખ : ૨૫/૦૯/૨૦૨૫ના રોજ એચ.ડી.એફ.સી. બેન્ક, લુણાવાડા શાખામાં આ કામના ફરીયાદીના ખાતા નં.૧૬૯૫૨૩૨૦૦૦૦૧૬માં રજુ કરતાં આ કામના આરોપીએ તેમના ખાતામાં પુરતુ બેલેન્સ રાખેલ નહી. આથી સદર ચેક અપુરતા ભંડોળના કારણે પરત ના શેરા સાથે તારીખ : ૨૬/૦૯/૨૦૨૫ ના રોજ પરત આવેલ. આમ, આ કામના આરોપીએ આપેલ ચેકના નાણાં આ કામના ફરીયાદીને મળ્યા નથી.

(૧.૪) આ કામના આરોપીએ આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરતા આ કામના ફરિયાદીએ પોતાના વકીલશ્રી મારફતે ગઈ તારીખ : ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ આ કામના આરોપીને રજી. પોસ્ટ એ.ડી.થી નોટીસ મોકલાવેલી, જે નોટીસ આરોપીને તારીખ : ૧ ૫/૧૦/૨૦૨૫ ના રોજ બજી ગયેલી પરંતુ આ કામના આરોપીએ નોટીસનો અમલ કર્યો નહી કે આ કામના ફરીયાદીની નોટીસમાં વર્ણવેલા નાણાં આપ્યા નહી. તેથી ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબની ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ફરિયાદી ધ્વારા લેખિત ફરિયાદ રજુ થતા, આ કામના આરોપી વિરૂધ્ધની ફરિયાદ પ્રથમ દર્શનીય જણાતા, અદાલતે ગુનાનું સં

જ્ઞાન લઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૨૭ હેઠળ આરોપી ઉપર પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલ.

(૩) આ કામના આરોપી ઉપર કોર્ટના હુકમ મુજબ પ્રોસેસની બજવણી થઈ અદાલત સમક્ષ હાજર થતા, તેઓને ફરીયાદ અને તેની સાથે દસ્તાવેજી પુરાવાઓની નકલો વિનામુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીની આંક–૦૭ થી ગુના સંબંધેનું નિવેદન નોંધવામાં આવતા તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરી, તેઓ બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા તેઓની સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવાઓ</u> :–

આંક –૦૪	ફરિયાદી : અબ્બાસીભાઈ જૈનુદ્દીન ધીવાલા નાઓનું સરતપાસનુ સોગંદનામું.

<u>દસ્તાવેજી પુરાવાઓ</u> :–

આંક –૦૮	ઉધાર લીધેલ માલનું બીલ
આંક –૦૯	અસલ ચેક
આંક –૧૦	ચેક બેન્કમાં જમા કરાવ્યાની પાવતી
આંક –૧૧	રીટર્ન મેમો
આંક –૧૨	નોટીસની સ્થળપ્રત
આંક –૧૩	સ્પીડ પોસ્ટ
આંક–૧૪	એકનોલેજમેન્ટ લેટર
આંક–૧૫	ટ્રેકીંગ રીપોર્ટ

(૫) સદરહું કામે આરોપી નિયમીત રીતે કોર્ટ સમક્ષ હાજર રહેતા ન હોઈ ફરીયાદીની ઉલટ–તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષે આંક –૧૯ થી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું કલોઝીંગ પુરશીસથી જાહેર કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સં હિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ આ કામના આરોપીનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો હોઈ સબબ કામ વિશેષ નિવેદન નોંધવા પર રાખેલ પરંતુ આરોપી હાજર ન રહેતા વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે. બચાવપક્ષે તેમના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી.

(૭) ફરીયાદી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. બચાવ પક્ષે કોઈ હાજર રહેલ ન હોઈ દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તર્ફે દલીલો તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લીધા બાદ અત્રેની અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલો તે ચેક ફરીયાદીએ આરોપીની સુચના મુજબ નિયત સમયમાં ફરીયાદીએ પોતાની બેંકમાં વટાવવા માટે રજુ કરતા તે ચેક સ્વિકાર્યા વગર ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ તેની માંગણીની લેખિત નોટીસ સમય મર્યાદામાં આરોપીને આપેલી, જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીને

ફરીયાદવાળા ચેકના નાણાં ચુકવવામાં કસુર કરી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

મુદ્દા નં.૨ : શુ હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :

મુદ્દા નં.૧ : હકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

–// **કારણો** //–

મુદ્દા નં. ૧ :

(૧૦) સદરહું કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો.

૧. આરોપી ધ્વારા તેમના ખાતામાંથી લખવામાં આવેલ ચેક ફરીયાદીને નાણાં ચુકવવા આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ (છ) માસમાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા હોય તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ વિગેરેના કારણે પરત ફરેલ.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી

લેખિતમાં કરેલ.

૬. આરોપીને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો,</u>

વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

૧. **<u>અવેજ વિશે :–</u>**
દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતુ અને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો તે વટાવવામાં આવું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યું હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યું હતું.

૨. **<u>તારીખ વિશે :–</u>**
જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

૩. **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**
સ્વિકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વિકારવામાં આવ્યું હતુ.

૪. **<u>તબદીલના સમય વિશે :–</u>**
કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

૫. **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**
કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

૬. **<u>સ્ટેમ્પ વિશે :–</u>**
ખોવાઈ ગયેલી પ્રોમેસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલ હતો.

૭. **<u>ધારક થયાક્રમ ધારક છે એમ માની લેવામાં વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે. પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજ ને બદલે મેળવવામાં આવ્યું હોય, ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ ધ્યાને લઈએ તો,</u>

ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :

વિરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણકરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજો મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૪૬ ધ્યાને લઈએ તો,</u>

બેન્ક સ્લીપની કેટલીક હકીકતો અંગે પ્રથમદશર્નીય પુરાવો હોવા બાબાત :

જયાં સુધી નાસાબિત ન થાય ત્યાં સુધી સદર હું કાયદાના પ્રકરણ–૧૭ હેઠળની કાર્યવાહીના સંબંધમાં બેન્ક સ્લીપ અથવા ચેકોનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય તેવા કાયદેસરના શેરાવાળા મેમાથી ચેકનો અસ્વીકાર થયાની હકીકતો માની લેવામાં આવશે.

(૧૧) ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો(Burden of Proof) હંમેશા ફરીયાદપક્ષ પર રહેલ છે પરંતુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ ધ્યાને લેતા ફરીયાદની હકીકતનુ ખંડ થાય તેવો પુરાવો રજુ કરવાની જવાબદારી (Onus Of Proof) બચાવ પક્ષ

પર રહેલ છે. બચાવપક્ષે ફરીયાદીની હકીકતનો ખંડનાત્મક પુરાવો રજુ કરતી વખતે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા જે પુરાવાની ગ્ર ેવીટીની આવશ્યકતા છે તેટલી જ ગ્રેવીટીવાળા પુરાવાની બચાવપક્ષે કાયદામાં રહેલા અનુમાનનું ખંડ કરવા માટે પુરાવો આપવો જરૂરી નથી. આવો પુરાવો બચાવ પક્ષે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ના આધાર પર આપવાનો હોય છે. જો બચાવ પક્ષ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં કસુર કરે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૧૮ તેમજ કલમ– ૧૩૯ મુજબ ફરીયાદીની તર્ફણમાં અનુમાન કરવાનું જ રહેશે.

(૧૨) આ કામે આરોપી હાજર થયા બાદ તેમની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે તેમજ આ કામે રજુ થયેલ ફરીયાદીની સરતપાસ સબબ આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવાની પુરતી તક આપવા છતાં બચાવ પક્ષ હાજર ન રહેતા આરોપીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના આરોપીને ફરીયાદ પક્ષના પુરાવા પુરા થયા બાદ એફ. એસ. સારુ પુરતી તક આપવામાં આવેલ છતાં તેઓ હાજર ન રહેતા એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ છે અને પોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી કે ફરીયાદની હકીકતો ને નકરાયેલી સુધ્ધા નથી. આમ, આરોપીએ ફરીયાદીને ચેક આપેલાનું નકારેલ નથી તથા તકરારી ચેકમાં પોતાની સહી પણ નકારેલ નથી.

(૧૩) આ કામે રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવા ધ્યાને લેતા, આ કામના ફરીયાદીએ આંક–૦૪ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧ ૮૮૧ ની કલમ–૧૪૫ મુજબ સોગંદનામા પર સરતપાસ રજુ કરેલ

છે. ફરીયાદીએ તેમના સમર્થનમાં તારીખ : ૨૫/૦૯/૨૦૨૫ ના રોજનો આ કામે આંક –૦૯ થી રજુ કરવામાં આવેલ તકરારી ચેક ફરીયાદીએ પોતાની બેન્કમાં વટાવવા માટે તારીખ : ૨૫/૦૯/૨૦૨૫ ના રોજ રજુ કરેલ જે આંક–૧૦ વાળી કાઉન્ટર સ્લીપ ઉપરથી પુરવાર થાય છે તેમજ ફરીયાદવાળો ચેક તારીખ : ૨૬/૦૯/૨૦૨૫ ના રોજ ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ છે જે આંક –૧૧ વાળા એચ.ડી.એફ.સી.બેન્ક, લુણાવાડા શાખાના રીર્ટન મેમા ઉપરથી જણાઈ આવે છે. સદર ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ આરોપીને તેમના સરનામે આંક – ૧૨ વાળી કાયદેસરની લેખિત નોટીસ આપેલ જે લેખિત નોટીસ આ કામના આરોપીને તારીખ : – ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ મોકલેલ છે જે આં ક– ૧૩ વાળી પોસ્ટ ખાતાની પાવતી ઉપરથી પુરવાર થાય છે અને તે લેખિત નોટીસ આરોપીને તારીખ : ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે જે આંક– ૧૪ વાળી રજી.પો.એડી.ની એકનોજમેન્ટ લેટર તેમજ આંક–૧૫ વાળા ટ્રેકીંગ રીપોર્ટ ઉપરથી પુરવાર થાય છે. તેમજ આ કામના આરોપીએ ઉધાર માલ લીધેલાનું આંક–૦૮ ના બીલ ઉપરથી પુરવાર થાય છે. આ તમામ દસ્તાવેજો ફરીયાદીએ પોતાના સોગંદનામાથી સમર્થન આપેલ છે. આ કામે રજુ થયેલ ફરીયાદીની સરતપાસ સબબ આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવાની પુરતી તક આપવા છતાં બચાવ પક્ષ હાજર ન રહેતા આરોપીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, બચાવપક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન થઈ શકે

તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ મુજબ અનુમાન ફરીયાદી ની તર્ફેણમાં ઉપસ્થિત થાય. જેથી ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું છે તેમજ આરોપી પાસેથી તકરારી ચેક લેણી રકમ માટે ફરીયાદીએ ચેક મેળવેલો છે એમ માનવાને કારણ રહે છે.

(૧૪) ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ અત્રે અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય છે કે, આરોપીએ ચેક ફરીયાદીને કાયદેસરના લ ેણા પેટે આપેલ હતો. ધારણા વિરુધ્ધ વ્યાજબી શંકા ઉપસ્થિત કરવાનોબોજો આરોપી ઉપર છે. આરોપીએ ફરીયાદીના કેસને માત્ર નકારેલ છે, જેથી એવું કહી શકાય નહી કે ફરીયાદીના કેસમાં આરોપી વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકયા છે. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર સુપ્રિમ કોર્ટના બેરલ એન્ડ ડ્રમ મેન્યુફેકચરીંગ કંપની વિરુધ્ધ અમીનચંદ પ્યારેલાલ – ૧૯૯૩(૩) – એસ.સી.સી. –૩૫ ના ચુકાદા ઉપર આધાર રાખે છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે કે,

“The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-ex-

istence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist.”

(૧૫) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ ના તમામ તત્વો હાલના કેસના સંજોગો સાથે જોવામાં આવે તો, ફરીયાદીના કેસને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબની કોઈ તકનીકી ખામી નડતી નથી તે હકીકત અત્રે નિર્વિવાદિત છે. અત્રે નિર્વિવાદિત છે કે, ફરીયાદીએ તકરારી ચેક પોતાની બેન્કમાં જમા કરાવતા તે ચેક પરત ફર્યો હતો. ચેક પરત ફર્યાની ફરીયાદીને જાણ થતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબની કાયદેસરની લેખિત નોટીસ સમયમર્યાદામાં આરોપીને આપેલ હતી. આ નોટીસ ને બજી ગયેલી તેમ છતાં આરોપીએ કાયદેસરનું લેણું ફરીયાદીને દિન–૧૫ માં પરત ન ચુકવતા ફરીયાદીએ અદાલત સમક્ષ હાલની ફોજદારી ફરીયાદ કરેલ છે.

(૧૬) આમ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવામાં આરોપી સફળ રહયા છે તેમ કહી શકાય નહી તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનાના તમામ તત્વો પુરવાર થતા હોઈ આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપી, મુદ્દા નં. ૨ અન્વયે હુકમ કરતા પહેલા આરોપીને સજાના પ્રશ્ન અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : લુણાવાડા

રોનકકુમાર અમૃતલાલ પટેલ
એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા.
કોડ નં. જી.જે.૦૧૬૬૪

વધુ હુકમ

આ કામે ફરિયાદીના વિ.વ.શ્રીની રજુઆત છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબ આરોપીને મહત્તમ કેદની સજા તેમજ ચેકના નાણાં ખર્ચ સહિત ચુકવવા રજુઆત કરેલ છે.

આરોપી તેમજ તેમના વિ.વકીલ.શ્રી નો વારંવાર પોકાર કરતા હાજર રહેલ ન હોય જેથી તેમને સજાના પ્રશ્ન અંગે કોઈ રજુઆત નથી તેમ માની લેવામાં આવે છે.

અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે કે, આરોપીએ ફરીયાદીના કાયદેસરના નાણા ન ચુકવી ફરીયાદીને ખુબ જ મોટુ નુકશાન કરેલ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧ ૮૮૧ તે એક વિશેષ ધારો છે અને તેની કલમ–૧૩૮ ની જોગવાઈઓ જોતા, આ ધારા પાછળનો હેતુ જયારે તે નાણા ડુબાડવા માટે કસુરવાર ઠરે તે વ્યકિતને યોગ્ય સજા કરી અને જે વ્યકિતએ નાણાંકીય વ્યવહાર વિશ્વાસથી કરેલ હોય તે નાણાંકીયવ્યવહારની વિશ્વસનીયતા ટકી રહે તે માટે તેને આવા નાણાં પણ મળી રહે અને આરોપીને યોગ્ય શિક્ષા પણ કરી શકાય તેવો હેતુ રહેલો છે, જેથી તકરારી ચેકની રકમ તથા પક્ષકારોની પરિસ્થિતિ ધ્યાને રાખતા નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાતો હોય, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

// આખરી હુકમ //

(૧) આ કામના આરોપી : બારીઆ કલ્પેશભાઈ ખેમાભાઈ, રહે. મુ.દોલતપરા(પગી બારીયા ફળીયુ),મલેકપુર, તા.લુણાવાડા,

જી.મહીસાગર, નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી ૬(છ) મહિનાની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૯૫(૩) મુજબ રૂા. ૬૯,૬૨૩/–(અંકે રૂપિયા ઓગણસીત્તેર હજાર છસો ત્રેવીસ પુરા) આ કામના આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અં દર ચુકવી આપવા.

(૩) આ કામના આરોપીએ આ કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો તે સજા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૬૮ મુજબ મજરે આપવાની રહેશે.

(૪) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૪(૧) અન્વયે હુકમની નકલ વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર ન હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૫૮(૨) સાથે કલમ–૭૨ વાંચતા આરોપીનું વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : લુણાવાડા

રોનકકુમાર અમૃતલાલ પટેલ
એડી.જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ,
લુણાવાડા.
કોડ નં. જી.જે.૦૧૬૬૪